Jhagadia Industries Directory 2026
Boost Your Business Visibility

Directory Publishing - June 2026
Early Booking = Premium Placement
Don't Miss First 20 Pages Advantage

| | |
|---|---|
| Full Page | 10,000/- |
| Half Page | 6,500/- |
| Quarter Page | 4,000/- |

જીગર Jigar Publications
+91 99989 80519
jhagadiaindustries@gmail.com

# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL

(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 18 ISSUE : 05 DATE: 01- 06 -2026 (વિક્રમ સંવત ૨૦૮૨ અ.જેઠ વદ એકમ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026

# આજથી ગુજરાતમાં 'વસ્તી ગણતરી-૨૦૨૭'નો પ્રારંભ

ગુજરાતમાં જનગણના-૨૦૨૭'નો આવતીકાલે તા. ૦૧ જૂન ૨૦૨૬થી શુભારંભ થશે. આ શ્રેણીની ૧૬મી અને આઝાદી પછીની ૮મી જનગણના હશે, જે સંપૂર્ણપણે ડિજિટલ માધ્યમથી હાથ ધરવામાં આવશે. આ અગાઉ વર્ષ ૨૦૧૧માં જનગણના કરવામાં આવી હતી. આ વસ્તી ગણતરી ઝુંબેશમાં તમામ નાગરિકોને સહભાગી થવા ગુજરાત સરકારે અનુરોધ કર્યો છે.વસ્તી ગણતરી નિયામકના જણાવ્યા મુજબ રાજ્યભરમાં આવતીકાલે તા. ૧ જૂન, ૨૦૨૬ થી ૩૦ જૂન, ૨૦૨૬ દરમિયાન પ્રથમ તબક્કામાં ઘર-યાદી અને મકાનોની ગણતરી હાથ ધરવામાં આવશે. આ તબક્કામાં ગણતરીદારો દ્વારા આવાસની સ્થિતિ, કુટુંબની વિગતો, પીવાના પાણીનો સ્ત્રોત, શૌચાલયની સુવિધા અને અન્ય અસ્કયામતો સહિત કુલ ૩૩ પ્રશ્નો પૂછવામાં આવશે. જ્યારે બીજા તબક્કામાં તા. ૯ ફેબ્રુઆરી થી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૭ દરમિયાન વસ્તીની ગણતરી અને જાતિ ગણતરી હાથ ધરવામાં આવશે. આ તબક્કા દરમિયાન જ દેશભરમાં વસ્તી ગણતરીની સાથે-સાથે જાતિ ગણતરીની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવશે.દેશભરમાં ચાલી રહેલી વસ્તી ગણતરી-૨૦૨૭ અંતર્ગત ગુજરાતમાં તા. ૧૭ મે-૨૦૨૬થી શરૂ થયેલી સ્વ-ગણતરી ઝુંબેશમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, રાજ્યમંત્રી મંડળના સભ્યો, મુખ્ય સચિવ સહિત વરિષ્ઠ સચિવો, જિલ્લા કલેક્ટરો, મહાનગરપાલિકા કમિશનરો સહિત જાગૃત નાગરિકો સ્વ-ગણતરી અંતર્ગત ફોર્મ ભરીને વસ્તી ગણતરી અભિયાનમાં સહભાગી બન્યા છે. આમ, વસ્તી ગણતરી-૨૦૨૭ અંતર્ગત ગુજરાતમાં તા. ૩૦ મે ૨૦૨૬ની સ્થિતિએ કુલ ૩.૭૪ લાખથી વધુ નાગરિકોએ સ્વ-ગણતરી માટે ફોર્મ ભર્યું છે. જેમાંથી ૩.૩૦ લાખની કામગીરી પૂર્ણ થઈ છે, જ્યારે બાકીના ૪૪ હજારના સ્વ-ગણતરી ફોર્મ હાલ પ્રક્રિયામાં છે.રાજ્યના તમામ જિલ્લા, મહાનગરપાલિકા, નગરપાલિકા તેમજ ગામડાઓમાં વસ્તી ગણતરી યોજાશે. આ વસ્તી ગણતરીમાં ૧,૧૦,૫૯૮ હાઉસ લિસ્ટિંગ બ્લોક્સ, ૧,૦૯,૦૩૮ ગણતરીદારો તેમજ ૧૮,૨૫૪ સુપરવાઈઝરનો સમાવેશ થાય છે. આ અભિયાનને સફળ બનાવવા માટે ગણતરીદારો, સુપરવાઈઝર અને અન્ય વસ્તી ગણના અધિકારીઓને ૩ તબક્કામાં વિશેષ તાલીમ પણ આપવામાં આવી છે.નોંધનીય છે કે, આ વખતની જનગણનામાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. એન્ડ્રોઈડ અને આઈઓએસ એપ પર ગુજરાતી સહિત કુલ ૧૬ ભાષાઓમાં તેમજ ઓફલાઈન ડેટા એકત્રિત કરવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. નાગરિકો પોતે જ પોતાની વિગતો ઓનલાઈન ભરી શકે તે માટે 'સ્વ-ગણતરી' નો વિશેષ વિકલ્પ આપવામાં આવ્યો હતો, જેમાં ઉત્તરદાતાઓએ તા. ૧૭ થી ૩૧ મે, ૨૦૨૬ દરમિયાન અધિકૃત પોર્ટલ પર પોતાની વિગતો જાતે નોંધાવી છે.વધુમાં, જનગણના અધિનિયમ, ૧૯૪૮ અને જનગણના નિયમો, ૧૯૯૦ની જોગવાઈ હેઠળ એકત્રિત કરાયેલી તમામ વ્યક્તિગત માહિતી સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવશે. આ વિગતોનો ઉપયોગ કાનૂની કે કરવેરાના હેતુઓ માટે થઈ શકશે નહીં. કાયદા અનુસાર દેશના દરેક નાગરિકે સાચી અને સંપૂર્ણ માહિતી આપવી અનિવાર્ય છે. માહિતી આપવાનો ઈનકાર કરવા બદલ કાયદામાં દંડની જોગવાઈ પણ રાખવામાં આવી છે.જનગણના અંગે કોઈ પણ પૂછપરછ કે મૂંઝવણ હોય તો ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલા ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર ૧૮૫૫ અને અધિકૃત વેબસાઈટનો સંપર્ક કરવા જનગણના કાર્ય નિર્દેશાલય, ગુજરાત દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ વસ્તી ગણતરીમાં ઘરની રચના, સુવિધાઓ અને સંપત્તિ સુધીના અનેક પ્રશ્નો પૂછાશે. અહીં તે ૩૩ પ્રશ્નોની માહિતી અપાઈ છે.

૧. મકાન નંબર: નગરપાલિકા અથવા સ્થાનિક સત્તા મંડળ દ્વારા અપાયેલો નંબર.

૨. વસ્તી ગણતરી ઘર નંબર: ગણતરીકાર દ્વારા અપાતો ખાસ નંબર.

૩. ઘરનો ફ્લોર: ઘરના ફ્લોર માટે કઈ મુખ્ય સામગ્રી (સિમેન્ટ, લાકડું, માટી વગેરે) વપરાઈ છે?

૪. દીવાલોની સામગ્રી: ઘરની દીવાલો કઈ સામગ્રીથી બનેલી છે?

૫. છતની સામગ્રી: ઘરની છત કઈ સામગ્રીની બનેલી છે?

૬. ઘરનો ઉપયોગ: શું આ ઘર રહેવા માટે છે, દુકાન છે કે બીજા કામમાં વપરાય છે?

૭. ઘરની સ્થિતિ: ઘર સારી, સામાન્ય કે નબળી સ્થિતિમાં છે?

૮. ઘરગથ્થુ નંબર: પરિવારનો ક્રમ નંબર.

૯. પરિવારના સભ્યોની સંખ્યા: આ ઘરમાં કેટલા લોકો રહે છે?

૧૦. ઘરના વડાનું નામ: પરિવારના મુખિયાનું પૂરું નામ.

૧૧. ઘરના વડાનું લિંગ: પુરુષ, સ્ત્રી કે અન્ય.

૧૨. ઘરના વડાની સમુદાય શ્રેણી: શું તેઓ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ કે અન્ય શ્રેણીમાં આવે છે?

૧૩. માલિકીનો દરજ્જો: ઘર માલિકીનું છે, ભાડાનું છે કે બીજી કોઈ રીતે કબજામાં છે?

૧૪. રહેવાના રૂમની સંખ્યા: પરિવાર દ્વારા કબજામાં લેવાયેલા રહેવાના રૂમ કેટલા છે?

૧૫. પરિણીત યુગલોની સંખ્યા: આ ઘરમાં કેટલા પરિણીત યુગલો રહે છે? (લિવ-ઈન યુગલો પણ આમાં સામેલ)

૧૮. પ્રકાશનો મુખ્ય સ્ત્રોત: ઘરમાં વીજળી, સોલાર કે બીજું કયું સાધન વપરાય છે?

૧૯. શૌચાલયની પહોંચ: ઘરમાં શૌચાલયની સુવિધા છે?

૨૦. શૌચાલયનો પ્રકાર: શું તે ફ્લશ લેટ્રીન છે કે પિટ લેટ્રીન?

૨૧. ગંદા પાણીનું આઉટલેટ: ઘરનું ગંદુ પાણી ક્યાં જાય છે? (ગટર, સેપ્ટિક ટાંકી કે ખુલ્લી જગ્યા)

૨૨. સ્નાન સુવિધાની ઉપલબ્ધતા: ઘરમાં બાથરૂમ છે કે નહીં?

૨૩. રસોડાની ઉપલબ્ધતા: ઘરમાં રસોડું છે? એલપીજી /પીએનજી કનેક્શન છે?

૨૪. રસોઈ માટેનું મુખ્ય બળતણ: લાકડા, ગેસ, કેરોસીન કે અન્ય કયું બળતણ વપરાય છે?

૨૫. રેડિયો/ટ્રાન્ઝિસ્ટર: ઘરમાં રેડિયો કે ટ્રાન્ઝિસ્ટર છે?

૨૬. ટેલિવિઝન: ઘરમાં ટીવી છે?

૨૭. ઈન્ટરનેટ ઍક્સેસ: ઘરમાં ઈન્ટરનેટની સુવિધા છે?

૨૮. લેપટોપ/કમ્પ્યુટર: ઘરમાં લેપટોપ કે કમ્પ્યુટર છે?

૨૯. ટેલિફોન/મોબાઈલ ફોન: ઘરમાં મોબાઈલ કે લેન્ડલાઈન ફોન છે?

૩૦. સાયકલ/સ્કૂટર/મોપેડ: ઘરમાં આ પ્રકારના વાહનો છે?

૩૧. કાર/જીપ/વાન: ઘરમાં ચાર પૈડાં વાહન છે?

૩૨. મુખ્ય અનાજ: ઘરમાં મુખ્યત્વે કયા અનાજ (ઘઉં, ચોખા, જુવાર વગેરે)નો ઉપયોગ થાય છે?

૩૩. મોબાઈલ નંબર: ફક્ત વસ્તી ગણતરી સંબંધિત સંદેશાવ્યવહાર માટે ઉપયોગમાં લેવાશે.

આ વખતની સૌથી મોટી સુવિધા એ છે કે નાગરિકો 'સ્વ-ગણતરી' પોર્ટલ દ્વારા પોતાની માહિતી જાતે ઓનલાઈન દાખલ કરી શકશે. જો તમે આ વિકલ્પ પસંદ કરો છો તો ગણતરીકાર તમારા ઘરે આવશે નહીં. આ પોર્ટલ પર ઉપરોક્ત ૩૩ પ્રશ્નોની સંપૂર્ણ યાદી ઉપલબ્ધ છે, જે તમારે ભરવાની રહેશે.

M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web: www.aoneconsultants.com

Contact For Following Licenses

(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP Certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)

Fire Crackers Manufacturing, Store and Sale with Godawon Approved

We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.

-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email: aoneconsultant@yahoo.com. Web: www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485




# અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ અસોસિએશનની વર્ષ ૨૦૨૬-૨૭ ની મૅનેજિંગ કમિટીના સભ્યો માટેની ચૂંટણી ૩૦ મી જૂને યોજાશે

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ અસોસિએશનની વર્ષ ૨૦૨૬-૨૭ ની મૅનેજિંગ કમિટીના સભ્યો માટેની ચૂંટણી જાહેર થઈ છે. આ સાથે એસ્ટેટ એક મહિના માટે ચૂંટણીના રંગે રંગાશે.

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ અસોસિએશનની વર્ષ ૨૦૨૬-૨૭ ની મૅનેજિંગ કમિટીના સભ્યો માટેની ચૂંટણી ૩૦ મી જૂને યોજાવાની છે.આ માટે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૬ જૂન છે. મૅનેજિંગ કમિટીના ૧૦ સભ્યો માટેની ચૂંટણી યોજાવાની છે. જેમાં ૮ સભ્યો જનરલ કેટેગરીના અને ૧સભ્ય રિઝર્વ કેટેગરી અને ૧ સભ્ય કોર્પોરેટ કેટેગરીનો હશે.

જે સભ્યોની મુદત પૂર્ણ થાય છે તેમાં જનરલ કેટેગરીના ૧) હસમુખ દુધાત ૨) અમુલખ પટેલ ૩) હેતલ પટેલ ૪) હિંમત શેલડીયા ૫) જતીન ગાંધી ૬) પીતામ્બર પટેલ ૭) વાલમજી દેસાઈ અને હસમુખ પટેલ છે. જયારે રિઝર્વ કેટેગરીમાં પી.એમ. ચૌહાણ નો સમાવેશ થાય છે. જયારે કોર્પોરેટ કેટેગરીની શીટ ખાલી થઈ હતી.

આ વખતે મેનેજીંગ કમિટીની ચૂંટણી માટે ઈલેકશન ઓફિસર તરીકે નાગજીભાઈ લાડુમોર તેમજ આસિસ્ટન્ટ ઈલેકશન ઓફિસર તરીકે દશરથભાઈ પટેલ તેમજ સૈફીભાઈ દાહોદવાળાની નિમણૂંક કરવામાં આવી છે.

અત્યારે ૨૯ મેનેજીંગ કમિટીના સભ્યોમાંથી ૧૫ સભ્યો વિકાસ પેનલના અને ૧૪ સભ્યો સહયોગ પેનલના છે. હવે ૯ સભ્યોની મુદત પૂરાં થતા બાકી રહેલ સભ્યોમાં વિકાસ પેનલના ૧૩ સભ્યો અને સહયોગ પેનલના ૭ સભ્યો છે. સત્તા ગ્રહણ કરવા માટે ૧૬ ના અકળાને સ્પશવો જરૂરી છે.

Bureau Veritas India Pvt. Ltd.
Reliable | Accurate | Compliant with Standards
Kumar Padharia
+91 903 348 8969
Our Specialized Services:
- DISH Approved Structural Stability Certification
- Fire-Damaged Structure Assessment
- Structural Audit (RCC & Steel Plants) – As per Factory Act
- Repair, Rehabilitation & Restoration Solutions
- Stability Assessment – Crane, EOT, Warehouse, etc.
- NDT Testing | Geotechnical Investigation | Pile Testing
Contact us for Expert Inspection, Testing & Certification Services.
Vadodara | Bharuch
E-mail: kumar.padharia@bureauveritas.com | kumarpdhr88@gmail.com

OMKAR COMPOSITES PVT. LTD.
MANUFACTURER OF INDUSTRIAL CHEMICAL PROCESS & POLLUTION CONTROL EQUIPMENTS
IN FRP, PP+FRP, PVDF+FRP, PP-H+FRP, PVC+FRP, PP-RC, C-PVC, HDPE MATERIALS
Mfg. Unit: Plot No.: 104-19, 20,33,34, GIDC, Palej-392 220, Dist: Bharuch (Gujarat),
E-mail: omkarcomposites@gmail.com | info@omkarplast.com | Web: www.omplast.com | www.omkartank.com,
Contact us: Bharat R. Rajpurohit (M) +91 90337 37838 | Ramesh D. Rajpurohit (M) +91 982411 0687

SHIVAM INDUSTRY
Manufacturing - Repairing - Service
Rajesh Jayswal
+91 982 515 2797
Our Product :
- Graphite Heat Exchanger
- Graphite Condenser
- Graphite Reboiler
- Graphite Falling Film Absorber
- Graphite Ejector
- Graphite Evaporator
Email : info@graphite.com
www.graphitehe.com
7- Sarvoday Estate, Opp. Ankhol Bus Stop Nr. Waghodia Cross Road Vadodara (3930019) Gujarat

STAR INSTRUMENT ENGINEERS
+91 9426129718
+91 9428588901
- All Flow Measurement Solution: For Liquid, GAS, AIR, SLURRY Etc.
- Level Measurement Solution: For Clear Liquid and With Vapor & Foams
- PH, ORP and TDS (Conductivity) Measurement Gas Detection System
- All Types of INSTRUMENTATION Suppliers and Instrumentation Designing, Consulting & Installtion Work
Authorised Dealers for: PHOENIX CONTACT BROIL BROTEK BELA INSTRUMENTS YTC SENSEWELL
starankleshwar@gmail.com | sie_ank@yahoo.com
B/G-5, Sardar Patel Complex, GIDC, Ankleshwar, Gujarat 393002

# તંત્રીલેખ

## બાંધકામ ક્ષેત્રમાં તેજી ક્યારે ?

તેજી અને મંદી વચ્ચેના આ સંયુક્ત સમયગાળામાં ભારતીય જનજીવનમાં આશાઓનો સાગર લહેરાય છે. બહારથી મંદીનો ભય અને ભીતર આર્થિક ચિંતાઓ ! વિવિધ બજારોમાં સુધારા તરફી વલણ જોવા મળે છે. તહેવારો ઉપર સામાન્ય તેજીનો અણસાર લોકોને જોવા મળતો જ હોય છે પણ એને તેજી ન કહેવાય, એ તો પ્રાસંગિક ડિમાન્ડ જ કહેવાય. જંત્રીના ભાવની ઉથલપાથલે પણ ગ્રાહકોને વિમાસણમાં મૂક્યા છે. વધતી જતી મોંઘવારી અને નબળું પડી જતું અર્થતંત્ર દાઝ્યા પર ડામ જેવું સાબિત થઈ રહ્યું છે. તેની સીધી અસર રિયલ એસ્ટેટ પર પડી રહી છે. મકાનોના ખરીદ-વેચાણ ઉપર પણ ભારે અસર પડી છે. તાજેતરના સર્વેક્ષણ મુજબ છેલ્લા વર્ષમાં મકાનના ખરીદ વેચાણમાં પચાસ ટકાની પડતી આવી છે. જો કે નોઈડા, ગુરુગ્રામ અને કલકત્તામાં રિયલ એસ્ટેટમાં થોડોક વધારો જોવા મળે છે. પણ દેશના બીજા મહાનગરોમાં જમીન-મકાનની પડતી ચિંતાજનક છે.

આ પરિસ્થિતિ માટે રિયલ એસ્ટેટને લગતા જે કડક નિયમો બનાવવામાં આવ્યા છે એ પણ કારણભૂત છે. બે નંબરની સંપત્તિની ખરીદી ઉપર બ્રેક અને તરાપ મારવાના સરકારના ઈરાદાની અસર જમીન-મકાનના વેચાણ પર પણ થઈ છે. સામાન્ય રીતે આ વીતી રહેલી ગ્રીષ્મ પછીના સમય દરમિયાન જમીન મકાનમાં નવી લેવાલી નીકળતી હોય છે. ગયું ચોમાસુ સારું જશે એમ લાગતું હતું પણ રાજ્યના અનેક જિલ્લાઓમાં વધારે પડતા અને બિનજરૂરી વરસાદને કારણે સંખ્યાબંધ ખેડૂતોને નુકસાન થયેલું હતું. હવે એની માથે માવઠાએ માઝા મૂકી છે. અને હવે હવામાન શાસ્ત્રીઓએ આ વરસને સુપર અલનિનોનું વરસ કહ્યું છે એટલે એક તો ચોમાસુ વિલંબિત રહેશે અને વરસાદ ઓછો કે અનિયત રહેવાનો છે. બહુ ચતુર હશે એ ખેડૂતો જ વસુંધરાનું વહાલ પામી શકશે.

છેલ્લા બે દિવસથી વાતાવરણમાં છે એવી જ ઠંડક બાંધકામ ક્ષેત્રમાં ઘર કરી ગઈ છે. સરકારે આ ક્ષેત્રમાં કરોડો રૂપિયા ઠાલવ્યા છે જેનો લાભ ચપટીક લોકોને જ મળ્યો છે. નાણાં અને પોલિસીનો ભેદ એનડીએ સરકાર હજુ સમજી શકી નથી. આ બધાના લીધે રિયલ એસ્ટેટમાં એકદમ મંદી આવી ગઈ છે. ગયા વર્ષના આંકડા મુજબ જુદા જુદા શહેરોમાં હજારો મકાન રેડી પઝેશનમાં તૈયાર બેઠા છે, પણ ખરીદનારું કોઈ મળી રહ્યું નથી. સેલ્સ કોલનું પ્રમાણ તો ધૂમ છે પણ એક વાર સ્કીમ જોઈ ગયા પછી ગ્રાહકને ક્લોઝ કરવામાં બિલ્ડરોને નાકે દમ આવી જાય છે. બેંક્રોના લોનના ધોરણો પણ ઉદાર છે તો પણ લોકોમાં ભાડાના ઘરમાંથી ઘરના ઘરમાં જવાનો ઉત્સાહ નામશેષ થઈ ગયેલો દેખાય છે. જે લોકો રોકાણ કરવા માટે મકાન ખરીદતા એ લોકોએ પણ પાછીપાની કરી લીધી છે.

આને લીધે અર્થવ્યવસ્થાને સારો ફટકો પડયો છે માટે રિયલ એસ્ટેટને પ્રોત્સાહન આપવા માટે સરકારે તજવીજ શરૂ કરી દીધી છે. પણ એનું કોઈ નક્કર પરિણામ મળી નથી રહ્યું. રિયલ એસ્ટેટની મંદી લાંબા ગાળાની અર્થવ્યવસ્થા માટે પણ ચિંતાજનક છે. લોકડાઉન અને કોરોનાએ આ સેક્ટરને ગંભીર નુકસાન કર્યું હતું ને એના પછી હવે અખાતી યુદ્ધના પડછાયે આકાર લેતી મંદીની મોસમ ચકરાવા લઈ રહી છે. રિયલ એસ્ટેટનું ક્ષેત્ર લાખો લોકો માટે રોજગારી પેદા કરી આપે છે. કારીગર, એન્જિનિયર, માલસમાન બનાવતા ઉત્પાદકો સહિત હજારો એકમોને રિયલ એસ્ટેટ રોજગારી આપતું હોય છે. મકાન બની જાય પછી પણ તેના નિભાવ માટે સિક્યોરિટી સહિત ઘણી સેવાઓમાં રોજગારની તકો ઉભી થતી હોય છે. હવે અહીં મંદી આવે માટે બધા એકમોને ખરાબ અસર પડે જે અર્થતંત્રને સીધી અસર કરે.

એવું નથી કે લોકોને નવું ઘર ખરીદવાની જરૂર નથી, પણ પ્રજાની ખરીદશક્તિ જ રહી નથી. મોંઘવારી વધી તેને કારણે લોકો કરકસર તરફ વળ્યાં છે અને મોટી ખરીદીને પાછળ ઠેલી રહ્યા છે. એની અસર જમીન-મકાન સિવાય વાહનના ઉદ્યોગ પર પણ પડી છે. આ વિષચક્ર ઘણા સમયથી ચાલતું આવ્યું છે. કોરોના પહેલા જેમ ઓટો ઉદ્યોગ માટે મંદીના વાયરા ચોતરફ વાતા હતા તેમ હવે કેટલાક બિલ્ડરો મંદીથી ઘેરાઈ ગયા છે. સરકારની ઘણી આર્થિક નીતિઓ આ દુર્વ્યવસ્થા માટે જવાબદાર છે. નોટબંધી અને જીએસટીની અણઘડ નીતિનો માર હજુ અર્થવ્યવસ્થાને અસર કરી રહ્યો છે. લોકોના હાથમાંથી પૈસો ગાયબ થઈ રહ્યો છે અને રોજગારી છીનવાઈ રહી છે. માર્કેટમાં એક અસુરક્ષાનો માહોલ ફેલાઈ ગયો છે. માટે હવે કોઈ નવા રોકાણનું જોખમ ઉઠાવતા નથી. રિયલ એસ્ટેટમાં એક સમયે બહુ તેજી હતી, માટે તે સમયે તે ક્ષેત્રનું પણ અર્થતંત્રને બેકઅપ મળતું રહેતું.બે નંબરના નાણાંને સાચવવાની એક જગ જાહેર તિજોરી તરીકે રિયલ એસ્ટેટની ગુપ્ત ઓળખ હતી. સરકારે નોટબંધી પછી જે ફફડાટ ફેલાવ્યો એમાં રોકાણ કરનારા લાખો પંખીઓ ઉડી ગયા. એ રોકાણકારોએ પોતાના માળા ક્યાં ક્યાં બાંધ્યા તે તો અલગ વિષય છે.

# ભડકે બળતા જંગલો : પ્રકૃતિ અને પર્યાવરણ સામે મોટું સંકટ!



દેશમાં એક તરફ ભયાનક ગરમી વધી રહી છે અને બીજી તરફ ગરમીના કારણે એક નવી જ સમસ્યાએ આકાર લીધો છે. ભારતના ઘણા જંગલોમાં દાવાનળ ફાટવાની ઘટનાઓ બની રહી છે. તાજતરમાં કસૌલી ખાતે પર્વતો ઉપર આવેલું જંગલ મોટાપાયે નષ્ટ થઈ ગયું હતું.

જંગલનો અનેક વિસ્તાર દાવાનળની ઝપેટમાં આવી ગયો હતો. જંગલોમાં લાગેલી આગ ત્યાં આવેલા એરફોર્સ સ્ટેશન સુધી પહોંચી ગઈ હતી. સ્થાનિક તંત્ર અને ફાયરબ્રિગેડ દ્વારા આગ કાબુ કરવા મથામણ કરવામાં આવી રહી હતી પણ સફળતા મળતી નહોતી. એરફોર્સ દ્વારા ત્યારબાદ હેલિકોપ્ટરની મદદથી મોટાપાયે પાણી છાંટીને આગને કાબુ કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, આ માત્ર આ વર્ષની કે એક જ ઘટના નથી. દર વર્ષે ઉનાળા દરમિયાન હિમાચલના જંગલોમાં આગ લાગે છે અને તેના કારણે વૃક્ષો, વન્યજીવો, આસપાસ રહેતા લોકોના જીવ જોખમમાં આવી જાય છે. મોટાભાગે માણસો દ્વારા કરવામાં આવતી એક ભુલને પગલે જંગલ ભડકે બળતું હોય છે. કેટલાક કિસ્સામાં વૃક્ષ એકબીજા સાથે ટકરાય અને ઘર્ષણને પગલે ગરમીથી આગ લાગે તેવું પણ થતું હોય છે.

કસૌલીમાં પણ કેટલાક લોકો દ્વારા ચીડના પાંદડા સળગાવવામાં આવ્યા હોવાનું મનાય છે. તેના કારણે સમગ્ર જંગલમાં આગ ફેલાઈ ગઈ અને લાખો વૃક્ષોને ખાખ કરી નાખ્યા. એરફોર્સના બે એમઆઈ ૧૭ અને ચિનૂક હેલિકોપ્ટર દ્વારા ચંડીગઢના સુખના સરોવર ખાતેથી વારંવાર પાણી ભરીને કલાકોની મહેનત બાદ આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો હતો.

ચિંતાજનક વાત એવી છે કે, દર વર્ષે દાવાનળના કારણે દેશભરના જંગલો બળીને ખાખ થઈ રહ્યા છે. તેનાથી પ્રાકૃતિક વારસાનો તો નાશ થાય છે પણ સાથે સાથે વન્ય જીવો, પર્યાવરણ અને અર્થતંત્રને પણ મોટું નુકસાન થઈ રહ્યું છે.

જંગલોમાં આગ લાગવાની ઘટના છેલ્લાં કેટલાક વર્ષોમાં ચિંતાજનક રીતે વધી છે. ગ્લોબલ વોર્મિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ, માણસોની બેદરકારી, તંત્રની અનિચ્છા જેવા ઘણા પરિબળો આ સ્થિતિને અસર કરી રહ્યા છે. જંગલોની જે હાલની પરિસ્થિતિ છે તે જોતાં લાગી રહ્યું છે કે, હવે જાગ્રત થવાની જરૂર છે અને સભાનતા સાથે જંગલો બચાવવા માટે નક્કર પગલાં લેવા પડશે.

ઉલ્લેખનીય છે કે, ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રીપોર્ટ ૨૦૨૩ના આંકડા જણાવે છે કે, દેશના કુલ ભૌગોલિક વિસ્તારના માત્ર ૨૫.૧૭ ટકા વિસ્તારમાં જ જંગલો અને ગ્રીન કવર છે. સ્ટેટ ઓફ વાઈલ્ડ ફાયર્સના રીપોર્ટમાં જણાવાયું છે કે, જંગલોમાં વર્ષ ૨૦૦૦થી ૨૦૧૯ વચ્ચે આગ લાગવાની ઘટનાઓમાં ૧૦ ગણો વધારો થયો છે. વર્ષ ૨૦૨૪-૨૫માં ઉત્તર પ્રદેશના જંગલમાં આગની ઘટના બની હતી. તે સમયે આ જંગલ સૌથી વધારે અસરગ્રસ્ત રહ્યું હતું. ઉત્તરાખંડ, હિમાચલ અને પંજાબના જંગલોને પણ વ્યાપક નુકસાન થયું છે.

હિમાલય વિસ્તારમાં આવેલા જંગલોમાં ચીડના વૃક્ષો ઝડપથી આગ પકડી લે છે. તેમાંય ચીડના અણિદાર લાંબા પાંદડા આગ ફેલાવાનું સૌથી મોટું કારણ હોય છે. તેના સુકા પાંદડામાં પણ તેલનું પ્રમાણ વધારે હોય છે જે આગમાં ઘી જેવું કામ કરે છે.

બીજી તરફ મધ્યભારતની વાત કરીએ તો મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા અને મહારાષ્ટ્રમાં સાલ અને વાંસના જંગલો આવેલા છે. માર્ચ મહિનાથી જૂન મહિના દરમિયાન અહીંયા અત્યંત શુષ્ક વાતાવરણ હોય છે.

આ બંને પ્રકારના વૃક્ષો ઝડપથી આગની ઝપેટમાં આવી જાય છે. દર વર્ષે અહીંયા જંગલોમાં આગ લાગે જ છે. તેમાંય એપ્રિલ અને મે મહિના દરમિયાન સૌથી ભીષણ આગ લાગવાની શક્યતાઓ રહેલી છે. દક્ષિણ બારતની વાત કરીએ તો આંધ્ર પ્રદેશ, તમિલનાડુ અને કર્ણાટકના જંગલો પણ દાવાનળનો ભોગ બને છે. તેવી જ રીતે અસમ, મણિપુર, મિઝોરમ, મેઘાલય, નાગાલેન્ડ અને ત્રિપુરાના જંગલો પણ દાવાનળ મામલે અત્યંત સંવેદનશીલ માનવામાં આવે છે. અહીંયા પણ આગની ઘટનાઓ ઉનાળા દરમિયાન અવારનવાર થતી જ હોય છે.

આ વર્ષે પણ ભારતમાં અસહ્ય ગરમી પડી છે અને હાલમાં પણ પડી રહી છે. તેના કારણે જંગલોને વ્યાપક અસર થઈ છે. થોડા સમય પહેલાં જ આવેલા સેટેલાઈટ ઈમેજિસ અને અહેવાલો જણાવે છે કે, દેશના એક ડઝનથી વધારે રાજ્યોના જંગલોમાં આગ લાગવાની ઘટનાઓ બની છે. તાજેતરમાં ઉત્તરાખંડની વિગતો સામે આવી તેના પહેલાં મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને છત્તીસગઢના જંગલોમાં આગની ઘણી ઘટનાઓ બની છે. તે ઉપરાંત તમિલનાડુના જંગલોમાં પણ ભીષણ આગ લાગ્યાના બનાવો છે.

તમિલનાડુના નિલગિરિ જિલ્લાના મુદુમલઈ, કોયંબતુર અને ઈરોડના જંગલોમાં ભયાનક આગ લાગવાની ઘટનાઓ બની છે. અહીંયા પણ વાયુસેનાની મદદથી આગ ઠારવાનું કામ કરવામાં આવ્યું છે. તેવી જ રીતે અસમ અને મણિપુરના જંગલોમાં પણ વ્યાપક દાવાનળ ફાટી નીકળ્યો છે.

ગત વર્ષે પણ ઘણા અહેવાલો સામે આવ્યા હતા જેમાં જણવાયું હતું કે, ભારતના જંગલોમાં દાવાનળ ફાટવાની ઘટનાઓ અને તેની અસરો ખૂબ જ મોટાપાયે વધી રહી છે. નવેમ્બર ૨૦૨૪થી જૂન ૨૦૨૫ સુધીમાં જંગલોમાં આગ લાગવાની ઘટનાઓમાં તોતિંગ વધારો નોંધાયો હતો.

સુઓમી નેશનલ પોલર ઓર્બિટિંગ પાર્ટનરશિપ સેટેલાઈટના સેન્સર દ્વારા જે ડેટા આપવામાં આવ્યો તેમાં આ વનવિસ્તારો સૌથી વધુ પ્રભાવિત થયા હોવાનું સામે આવ્યું હતું. આ સિવાય ગત વર્ષે જંગલોમાં લાગેલી આગના કારણે ૧.૫૦ કરોડ લોકો અસરગ્રસ્ત થયા હતા.

આ માત્ર ભારતમાં જ થાય છે તેવું નથી. વૈશ્વિક સ્તરે ગત વર્ષે કેનેડા અને અમેરિકાના લાખો વર્ગકિલોમીટર વિસ્તારમાં ફેલાયેલા જંગલો પણ બળીને ખાખ થઈ ગયા હતા.

ખાસ વાત એવી છે કે, માત્ર ભારતમાં જ જંગલોમાં ભીષણ આગ લાગે છે તેવુ નથી. અમેઝોનના જંગલોમાં આવી ઘટનાઓ બને છે.

બ્રાઝિલ સહિત અનેક દેશોમાં ફેલાયેલા આ વર્ષાવનને વિશ્વના ફેફસાં કહેવાય છે. તેમાં કરોડોની સંખ્યામાં વૃક્ષો આવેલા છે. અહીંયા પણ ગમે ત્યારે દાવાનળ ફેલાય છે. તેના દ્વારા માત્ર વૃક્ષોને નુકસાન થાય છે તેવું નથી. તેના દ્વારા જાનવરો, છોડ, પક્ષીઓ અને દુર્લભ જીવજંતુઓને પણ અસર થાય છે. અહીંયા રહેનારા આદિવાસી સમુદાયો પોતાની રોજીરોટી અને જમીન પણ ગુમાવે છે. તે ઉપરાંત કાર્બનડાયોક્સાઈડ અને કાર્બન મોનોક્સાઈડ જેવા ઝેરી ગેસ હવામાં ભળે છે જે વધારે નુકસાન કરે છે.

તાજેતરમાં જાણકારોએ ચેતવણી ઉચ્ચારી હતી કે, જો જંગલોની આગને ધ્યાનમાં રાખીને કામ નહીં કરવામાં આવે તો આગળ જતાં વિશ્વના ફેફસાંને વ્યાપક નુકસાન થશે. તેવી જ રીતે ઓસ્ટ્રેલિયામાં પણ દર વર્ષે વ્યાપક રીતે જંગલોમાં આગ લાગે છે. અહીંયા ૨૦૧૯-૨૦માં ભયાનક દાવાનળ ફાટયો હતો. આ આગમાં આસપાસા હજારો મકાનો પણ સગળી ગયા હતા.

અનેક શહેરોમાં નારંગી રંગની આગ અને કાળો ધુમાડો આકાશમાં દેખાતો હતો. તેમાંય કોઆલા જેવા પ્રાણીના જંગલને ખૂબ જ નુકસાન ગયું ગતું. તેવી જ રીતે ૨૦૨૩માં કેનેડામાં ભયાનક આગ લાગી હતી. આ આગ એટલી વિશાળ હતી કે, તે અમેરિકાના કેટલાક શહેરો સુધી પહોંચી હતી અને લોકો માટે કફોડી સ્થિતિનું સર્જન થયું હતું.

**જંગલોમાં આગ લાગવાની ૯૦ ટકા ઘટનાઓ માનવસર્જિત જ હોય છે : જાણકારો**

થોડા સમય પહેલાં જ એક અહેવાલ આવ્યો હતો જેમાં જણાવાયું હતું કે, ભારતમાં જંગલોમાં આગ લાગવાની ઘટનાઓમાં ૯૦ ટકા ઘટનાઓ માનવ સર્જિત હોય છે. તેમાં સીધી કે આડકતરી રીતે માણસો જ જવાબદાર હોય છે.

ખેતરોમાં પરાળી સળગાવવા દરમિયાન ઘણી વખત જંગલો નજીક હોય તો આગ ત્યાં ફેલાઈ જાય છે. બીજી તરફ જંગલોમાંથી આયુર્વેદિક વનસ્પતીઓ, છોડ અને વસ્તુઓની દાણચોરી કર્યા બાદ, ગેરકાયદે કાપણી અને ખનન કર્યા બાદ પુરાવા ન મળે તે માટે આગ લગાડવામાં આવે છે અને આગ જંગલમાં ફેલાઈ જાય છે. બીજી તરફ પ્રવાસીઓ, સ્થાનિકો દ્વારા જંગલમાં ફરવા દરમિયાન બીડી અને સિગારેટ તથા ઘણી વખત માચીસની સળગતી સળી નાખી દેવામાં આવે છે અને આગ ફેલાવા લાગે છે. તે સિવાય શિકારીઓ અને મેલીવિદ્યા કરનારા જંગલોમાં આગ લગાડે છે અને સ્થિતિ કાબુ બહાર જતી રહે છે.

જંગલોમાં લાગતી આગ ગ્લોબલ વોર્મિંગનું પણ પરિણામ છે. ક્લાઈમેટ ચેન્જના કારણે ગરમીનો સમયગાળો વધી ગયો છે. તેમાંય શુષ્ક વાતાવરણ, ઝડપી પવન અને અત્યંત વધારે તાપમાનને કારણે ચીડ અને યુકેલિપ્ટરના વૃક્ષોમાં આગ લાગતી હોય છે અને તેના જ પાંદડા દ્વારા આગ વધારવામાં મોટી ભૂમિકા ભજવવામાં આવે છે. જાણકારોના મતે જંગલમાં ફેલાતા દાવાનળમાં લાખો જીવજંતુઓ અને પશુ-પક્ષીઓનાં મોત થતા હોય છે. વૃક્ષો સળગી જાય છે. તેના કારણે કાર્બન ઉત્સર્જન પણ વધે છે. દર વર્ષે વૈશ્વિક સ્તરે જંગલોમાં જે આગ લાગે છે તેના કારણે ૧૪.૩ કરોડ ટન ઝેરી પ્રદુષકો હવામાં ભળતા હોય છે. તેના કારણે લોકો ગંભીર બિમારીઓનો ભોગ બને છે. વિદેશોમાં આગ ફેલાતી અટકાવવા માટે ટેકનોલોજી, જનભાગીદારી અને નીતિગત પ્રયાસો કરવામાં આવે છે. તેના માટે વિવિધ સરકારી રણનીતિઓ અને પોલિસી બનાવાય છે. ભારતમાં પણ આવી દુર્ઘટનાઓ અટકાવવી હશે તો વ્યાપક રીતે વિચારવું પડશે અને પગલાં લેવા પડશે.

# GERC દ્વારા "ગ્રિડ ઈન્ટરેક્ટિવ ડિસ્ટ્રિબ્યુટેડ રિન્યુએબલ એનર્જી સોર્સિસ રેગ્યુલેશન્સ-૨૦૨૬'નો મુસદ્દો (ડ્રાફ્ટ) જાહેર કરવામાં આવ્યો

ગુજરાત વીજ નિયમન પંચ (GERC) દ્વારા "ગ્રિડ ઈન્ટરેક્ટિવ ડિસ્ટ્રિબ્યુટેડ રિન્યુએબલ એનર્જી સોર્સિસ રેગ્યુલેશન્સ-૨૦૨૬'નો મુસદ્દો (ડ્રાફ્ટ) જાહેર કરવામાં આવ્યો છે. આ નવા નિયમો રાજ્યભરમાં સોલાર સહિતના ડિસ્ટ્રિબ્યુટેડ રિન્યુએબલ એનર્જી સિસ્ટમ (DRES)ને પ્રોત્સાહન આપવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. નવા ડ્રાફ્ટ નિયમો અમલમાં આવ્યા બાદ ૨૦૧૬ના "નેટ મીટરિંગ રૂફટોપ સોલાર પીવી ગ્રિડ ઈન્ટરેક્ટિવ સિસ્ટમ" સંબંધિત અગાઉના નિયમો રદ થશે.

ડ્રાફ્ટ મુજબ ગ્રાહકોને પાંચ પ્રકારની વ્યવસ્થાઓ હેઠળ રિન્યુએબલ એનર્જી સિસ્ટમ સ્થાપવાની મંજૂરી આપવામાં આવશે. તેમાં નેટ મીટરિંગ, નેટ બિલિંગ, ગ્રુપ નેટ મીટરિંગ, વર્ચ્યુઅલ નેટ મીટરિંગ અને ગ્રોસ મીટરિંગનો સમાવેશ થાય છે. ખાસ કરીને "ગ્રુપ નેટ મીટરિંગ" (GNM)ની જોગવાઈ સૌથી વધુ ચર્ચામાં છે. આ વ્યવસ્થા હેઠળ ગ્રાહક દ્વારા સ્થાપિત ડિસ્ટ્રિબ્યુટેડ રિન્યુએબલ એનર્જી સિસ્ટમ (DRES)માંથી ગ્રીડમાં નિકાસ થતી વધારાની સોલાર વીજળીનો લાભ એકથી વધુ વીજ કનેક્શનોમાં મેળવી શકાશે. એક જ ગ્રાહકના સમાન ગ્રાહક વર્ગ ધરાવતા અને એક જ ડિસ્ટ્રિબ્યુશન લાઈસન્સીના કાર્યક્ષેત્રમાં આવેલા અલગ-અલગ સ્થળોના વીજ કનેક્શનોમાં ઊર્જા એડજસ્ટ કરી શકાશે. એટલે કે, જો કોઈ ગ્રાહકની એકથી વધુ પ્રોપર્ટી હોય તો એક જગ્યાએ ઉત્પન્ન થતી વધારાની સોલાર વીજળી બીજી જગ્યાના વીજ બિલમાં સરભર કરી શકાશે. આથી રહેણાંક સોસાયટીઓ, વ્યાવસાયિક સંકુલો તથા બહુવિધ મિલકત ધરાવતા ગ્રાહકોને મોટો લાભ મળશે. ડ્રાફ્ટમાં "વર્ચ્યુઅલ નેટ મીટરિંગ"ની પણ મહત્વપુર્ણ જોગવાઈ કરવામાં આવી છે. તેના અંતર્ગત સોલાર પ્લાન્ટ ગમે ત્યાં દૂર સ્થાપિત કરાયો હોય તો પણ તેનો આર્થિક લાભ સોસાયટીના અલગ-અલગ ફ્લેટધારકો અથવા ભાગીદાર ગ્રાહકો વચ્ચે વહેંચી શકાશે, જ્યારે "ગ્રોસ મીટરિંગ" વ્યવસ્થામાં ઉત્પન્ન થતી સમગ્ર વીજળી સીધી જ ગ્રીડમાં વેચી શકાશે અને ગ્રાહક પોતાનો વીજ વપરાશ સામાન્ય ગ્રાહકની જેમ ચાલુ રાખી શકશે. નિયમો અનુસાર તમામ કેટેગરીના ગ્રાહકોને ૧ કિલોવોટથી લઈને ૧૦૦૦ કિલોવોટ સુધી નેટ મીટરિંગ અને નેટ બિલિંગ હેઠળ DRES સ્થાપવાની મંજૂરી મળશે. જ્યારે ગ્રોસ મીટરિંગ હેઠળ ૪૦૦૦ કિલોવોટ સુધી ક્ષમતા મંજૂર કરવામાં આવશે.

નવા નિયમોમાં બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (BESS)ને પણ મહત્વ આપવામાં આવ્યું છે. ૧૦૦ કિલોવોટથી વધુ કરાર આધારિત લોડ ધરાવતા ગ્રાહકો જો કરાર લોડ કરતાં વધુ ક્ષમતાનું DRES સ્થાપે તો વધારાની ક્ષમતાના ઓછામાં ઓછા ૫૦ ટકા માટે બે કલાકની ચાર્જિંગ-ડિસ્ચાર્જિંગ ક્ષમતા ધરાવતી BESS ફરજિયાત રહેશે. ડ્રાફ્ટ મુજબ ૧૦ કિલોવોટ સુધીની DRES અરજીઓને ટેક્નિકલ ફીઝિબિલિટી અભ્યાસ વગર મંજૂર માનવામાં આવશે. ઉપરાંત ડિસ્ટ્રિબ્યુશન લાઈસન્સીઓને ઓનલાઈન વેબ પોર્ટલ શરૂ કરવાની અને સમગ્ર પ્રક્રિયા માટે સમયમર્યાદા નક્કી કરવાની ફરજ પાડવામાં આવી છે, નિયમોમાં સ્પાટ કરવામાં આવ્યું છે કે રહેણાંક શ્રેણીના ગ્રાહકોને નેટ મીટરિંગ હેઠળ ગ્રીડમાં વધારાની વીજળી આપ્યા બાદ બચેલી ઊર્જા માટે પ્રતિ યુનિટ રૂ. ૨.૨૫ના દરે ચૂકવણી કરવામાં આવશે. ઉપરાંત, વિતરણ કંપનીઓ દ્વારા પ્રક્રિયામાં વિલંબ કરવામાં આવે તો ગ્રાહકને પ્રતિ દિવસ ઓછામાં ઓછા રૂ. ૫૦૦ વળતર ચુકવવાની જોગવાઈ પણ કરવામાં આવી છે.

# GIDCમાં પ્લોટની લીઝ ટ્રાન્સફર પર હવે GST નહીં લાગેઃ સુપ્રીમનો ચૂકાદો

સુરત : સુરત, ગુજરાત, મહારાષ્ટ્ર સહિત દેશભરની જીઆઈડીસીને સ્પર્શતા એક મામલામાં સુપ્રીમ કોર્ટે ઉધોગકારોની તરફેણમાં ચુકાદો આપ્યો હતો.

18% GSTનો વિરોધ નોંધાવી સુરતમાં આ મામલો સચિન ઈન્ડસ્ટ્રિયલ સોસાયટીના સેક્રેટરી મયૂર ગોળવાલા અને અમદાવાદમાં ગુજરાત ચેમ્બરના અગ્રણી પટવારીએ ઉઠાવ્યો હતો. ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન પણ દાખલ કરવામાં આવી હતી.

સરકાર તરફે રેવન્યૂ વિભાગે સુપ્રીમ કોર્ટમાં દલીલ કરી હતી કે ગુજરાત હાઈકોર્ટના "ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ" સંબંધિત ચુકાદા સામે પડકાર બાકી છે. જો કે, સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે, દરેક કેસ તેનાં અલગ તથ્યો અને પરિસ્થિતિઓ પર આધારિત હોય છે અને અમને આ કેસમાં બોમ્બે હાઈકોર્ટનો નિર્ણય યોગ્ય છે.

સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક ચુકાદા અંગે પ્રતિક્રિયા આપતા રાચિન ઈન્ડસ્ટ્રિયલ સોસાયટી વતી સરકારમાં રજૂઆત કરનાર મયૂર ગોળવાલાએ કહ્યું હતું કે, દેશની સર્વોચ્ચ અદાલતનો આ ચુકાદો દેશની તમામ GIDC ઓને લાગુ પડે છે. હવે GIDC પ્લોટના ટ્રાન્સફર માટેની લીઝ પર GST લાગુ નહીં પડે એવી સ્પષ્ટતા કરવામાં આવી છે. આ નિર્ણયથી સચિન સહિતની રાજયની જીઆઈડીસીના ઉદ્યોગકારોને મોટી રાહત મળશે અને પ્લોટ ટ્રાન્સફરની પ્રક્રિયામાં આર્થિક ભાર ઘટાડવામાં મદદરૂપ થશે. સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો વતી અમે આ ચુકાદાને આવકારીએ છીએ અને તત્કાલીક અમલ શરૂ કરવા માંગ કરીએ છીએ.

# ઔદ્યોગિક આલ્કોહોલની પરમિટ માટે હેરાનગતી કરતા ૫ અધિકારીને હટાવી દેવાયા

## લઘુ ઉદ્યોગ ભારતી સહિતની ઔદ્યોગિક સંસ્થાના પ્રતિનિધીઓએ સરકારને આ અંગે તાજેતરમાં રજૂઆત કરી હતી

ગુજરાત સરકારે નશાબંધી અને આબકારી ખાતાના નાયબ નિયામક સહિત પાંચ અધિકારીને ગુરુવારે પદ પરથી દૂર કરતો હુકમ કર્યો છે. આ અધિકારીઓને હાલ પ્રતિક્ષા યાદીમાં મુકી દેવાયા છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર આ નશાબંધી વિભાગના નાયબ નિયામક કેતન દેસાઈ છેલ્લા ઘણાં સમયથી ઔદ્યોગિક આલ્કોહોલના વપરાશ અને ટ્રાન્સપોર્ટેશનની પરમિટ માટે ઉદ્યોગકારોને કનડી રહ્યા હતા. આ અંગે વિવિધ સ્તરેથી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સુધી ફરિયાદ પહોંચી હતી. આ મામલે બુધવારે સંઘવીએ પોતાના તાબાના અધિકારીઓને બોલાવીને આ મુદ્દે ચર્ચા કરી હતી અને આવી ગેરરીતિમાં જેમના વિરુદ્ધ આક્ષેપો થયા છે તેવા તમામ અધિકારીઓને તાત્કાલિક અસરથી હટાવી દેવાના આદેશ આપ્યા હતા.

લઘુ ઉદ્યોગ ભારતી સહિતની ઔદ્યોગિક સંસ્થાના પ્રતિનિધીઓએ સરકારને આ અંગે તાજેતરમાં રજૂઆત કરી હતી. સંસ્થાના સૂત્રોના જણાવ્યા અનુસાર પરવાનાની પ્રક્રિયાનું વિકેન્દ્રીકરણ કરાયા છતાં આ અધિકારીઓએ તેનું સેન્ટ્રલાઈઝેશન કરી દીધું હતું. એટલે કે આવી પરમિટ લેવા માટે ઉદ્યોગકારોએ ફરજિયાત ગાંધીનગરના ધક્કા ખાવા પડે અને કામ પાર પડાવવા માટે મોટી રકમમાં લાંચ આપવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું હતું.

આ ઉપરાંત ઉદ્યોગોમાં આ વપરાશમાં આવેલાં આલ્કોહોલિક રસાયણોના વપરાશ તેમજ સ્ટોરેજની બાબતે પણ ફિલ્ડના અધિકારીઓ ગાંધીનગરમાં બેસતા અધિકારીઓના ઈશારે ઉદ્યોગકારોને પરેશાન કરી રહ્યા હોવાની રજૂઆત પણ કરાઈ હતી.

આ અધિકારીઓના ત્રાસનો ભોગ ગુજરાતની ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રી બની હતી. મોટા ઉદ્યોગગૃહોને તેનાથી કોઈ ફરક પડતો ન હતો.

પરંતુ નાના ફાર્મા એકમોની વિશેષ પહોંચ ન હોવાથી આવા અધિકારીઓ તેમને પરેશાન કરતા રહેતા હતા. ખોટા કેસમાં ફસાવી દેવાથી માંડીને અન્ય કનડગત ફિલ્ડના અધિકારીઓ કરતા રહેતા હતા. દવાઓ ઉપરાંત સેનિટાઈઝર, વાઈપ્સ, જેવા ઉત્પાદનો સાથે સંકળાયેલા નાના યુનિટ્સ સતત ફફડતા રહેતા હતા.

ફરજ પરથી હટાવી દેવાયેલ અધિરીઓમાં કેતન દેસાઈ- નાયબ નિયામક, અમિતા પટેલ-મદદનીશ નિયામક, વિપુલ પટેલ-ઈન્સ્પેક્ટર, અનિલ ગનવા-ઈન્સ્પેક્ટર અને શૈલેષ રબારી- ઈન્સ્પેક્ટર નો સમાવેશ થાય છે.

# એક ઘર, એક કનેક્શન... ૧ જૂનથી રાંધણ ગેસ બાટલાના નિયમો બદલાશે, સિલિન્ડર પણ રદ થઈ શકે છે



એશિયન કટોકટીને ધ્યાનમાં રાખીને, લોકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે કેટલાક મહત્વપૂર્ણ ફેરફારો કરવામાં આવ્યા છે. આ ફેરફારોમાંથી એક, જે ૧ જૂનથી અમલમાં આવશે, તેના પરિણામે તમારા રસોઈ સિલિન્ડર કનેક્શન રદ થઈ શકે છે. હકિકતમાં, દેશમાં PNG કનેક્શન વધી રહ્યા છે, અને સરકારી નિર્દેશો છતાં, LPG સિલિન્ડરનો ઉપયોગ યથાવત છે. માર્ચ સુધીમાં ૬.૫ લાખ નવા PNG કનેક્શન સ્થાપિત કરવામાં આવ્યા હતા, પરંતુ પુરવઠો ૧૮% ઓછો રહ્યો.

આ સૂચવે છે કે ઘણા પરિવારોએ સ્વિચ કર્યા વિના કનેક્શન મેળવ્યા છે, જોકે સરકારે જણાવ્યું છે કે જો તેમની પાસે PNG અને LPG બંને કનેક્શન હોય, તો LPG છોડી દેવું આવશ્યક છે. જો કે, આ હોવા છતાં, લોકો હજુ પણ PNG કનેક્શન મેળવી રહ્યા છે પરંતુ LPG છોડી રહ્યા નથી. છેલ્લા દાયકામાં, LPG વપરાશકર્તાઓની સંખ્યા લગભગ બમણી થઈને ૩૩૫ મિલિયન થઈ ગઈ છે, જ્યારે PNG વપરાશકર્તાઓ ફક્ત ૧૬.૪ મિલિયન જ રહ્યા છે. સરકાર આ પરિસ્થિતિને શક્ય તેટલી ઝડપથી બદલવા માંગે છે, અને જૂનની શરૂઆત પહેલાં કડક નિયમો લાગુ કરવાની તૈયારીમાં છે.

સુધારેલા નિયમો હેઠળ, જે પરિવારો પાસે પહેલાથી જ PNG કનેક્શન છે તેમને તેમના LPG કનેક્શન પરત કરવાની જરૂર પડી શકે છે. તેલ વિતરણ કંપનીઓ (OMCs) એ ઘરેલું સિલિન્ડરોના દુરુપયોગ, સંગ્રહખોરી અને કાળાબજારને રોકવા માટે PNG અને LPG બંનેનો ઉપયોગ કરતા ઘરોને ઓળખવાનું શરૂ કર્યું છે. સુધારેલા LPG નિયમો હેઠળ એક જ સરનામે બંને કનેક્શન રાખવા પર પ્રતિબંધ છે. જે લોકોના વિસ્તારમાં PNG ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે તેઓ નિર્ધારિત સમયમર્યાદામાં PNG પર સ્વિચ કરવામાં નિષ્ફળ જાય તો તેમનો LPG સપ્લાય કાપી નાખવામાં આવશે અથવા આપમેળે સમાપ્ત થવાની સંભાવનાનો સામનો કરી શકે છે. સરકારે PNG કનેક્શન પ્રાપ્ત કર્યાના ૩૦ દિવસની અંદર તેમના LPG કનેક્શન ડિસ્કનેક્ટ કરવાનું કહેવામાં આવ્યું હોય તેવા ગ્રાહકોને તેમના LPG કનેક્શન પુનઃસ્થાપિત કરવાની મંજૂરી આપી છે. આનાથી વપરાશકર્તાઓ તેમના LPG કનેક્શન પછીથી ફરીથી સક્રિય કરી શકે છે, ભલે તેઓ PNG કનેક્શન ઉપલબ્ધ ન હોય તેવા વિસ્તારોમાં જાય.

આ મહિનાથી, PNG પાઈપલાઈનવાળા વિસ્તારોમાં સ્થિત ઘરોને ઘરેલુ LPG સિલિન્ડર બુક કરવા અથવા રિફિલ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવી રહ્યો છે. શહેર ગેસ વિતરણ કંપનીઓ અને OMCs એ હવે તેમના ડિજિટલ ડેટાબેઝને સંપૂર્ણપણે એકીકૃત કરી દીધા છે. પીએનજી કનેક્શન એક્સટેન્શન માટેની અંતિમ તારીખ ૩૦ જૂન સુધી લંબાવવામાં આવી છે.

પુરવઠાની અછત અને દુરુપયોગને નિયંત્રિત કરવા માટે, શહેરી વપરાશકર્તાઓ માટે LPG રિફિલ માટે લોક-ઈન સમયગાળો ૨૧ દિવસથી વધારીને ૨૫ દિવસ અને ગ્રામીણ વપરાશકર્તાઓ માટે ૪૫ દિવસ કરવામાં આવ્યો છે. ઘરગથ્થુઓને દર વર્ષે ફક્ત ૧૨ સબસિડીવાળા ઘરેલુ સિલિન્ડર મળતા રહેશે. વધારાના સિલિન્ડર બજાર મૂલ્ય પર વસૂલવામાં આવશે. સુધારેલા ડિપોઝિટ અને સેટઅપ ચાર્જ હવે નવા LPG કનેક્શન પર લાગુ થશે, જેમાં રેગ્યુલેટર, પાઈપ અને ઈન્સ્ટોલેશન ચાર્જનો સમાવેશ થાય છે.

# ભરૂચ માહિતી કચેરીના સેવક જે.પી.રાણા વયનિવૃત્ત થતા વિદાયમાન સમારંભ યોજાયો



જિલ્લા માહિતી કચેરી ભરૂચ ખાતે સેવક તરીકે ફરજ બજાવતા જે.પી.રાણા વયનિવૃત્ત થતા સહાયક માહિતી નિયામક પી.જી.ચંડીસરા તથા કચેરીના સૌ અધિકારી - કર્મચારીઓએ ભાવસભર નિવૃત્તિ વિદાયમાન આપ્યું હતું.

આ તકે, સહાયક માહિતી નિયામક શ્રી પી.જી.ચંડીસરા શ્રી જે.પી.રાણાની સાથે જોડાઈને સતત કાર્યરત રહેવાની ભાવના વિશેના અનુભવો જણાવ્યા હતા. ત્યારે સેવક તરીકે ફરજ બજાવતા જે.પી.રાણાએ માહિતીમાં ૩૪ વર્ષ ઓફિસ કામગીરીને સંનિષ્ઠાપૂર્વક પોતાની ફરજ નિભાવી છે. કામ પ્રત્યેની ફરજ નિષ્ઠા અને પરોપકારની ભાવના રાખી એકબીજાને મદદરૂપ થવાની તેમની ખેવનાનો અનોખો ગુણ તેમનામાં છે. અન્ય કર્મચારીઓએ પણ પોતાના અનુભવો વાગોળ્યા હતા.

આ તબક્કે, જે.પી.રાણાએ કચેરીના સર્વેનો આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં દરેક કર્મચારી બંધુત્વની ભાવના સાથે માહિતી ખાતાની કામગીરીને વધુ દીપાવશે તેવી અભ્યર્થના તેમણે વ્યક્ત કરી હતી.

કચેરીના વિવિધ સંવર્ગના અધિકારીઓ તથા કર્મચારીઓએ સેવકશ્રી જે.પી.રાણાને પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને આવકાર્યા હતા. ૩૪ વર્ષના કાર્યકાળને બિરદાવીને જિલ્લા માહિતી કચેરીના તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓએ તેમનું નિવૃતિમય જીવન સુખદાયી અને આરોગ્યસભર નિવડે તે માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

આ કાર્યક્રમમાં અધિક્ષક ભૂપેન્દ્રભાઈ વસાવા, માહિતી મદદનીશ યોગેશ વસાવા, ઓપરેટર વસંત સોજીત્રા, આશિષ રાણા અને સર્વે કર્મચારીઓ સહિત જે.પી.રાણાના કુંટુંબજનો ઉપસ્થિત રહ્યા હતા.

ISO 9001:2015 CERTIFIED
IAF JAS-ANZ
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
Authorised Dealer:
SPITMAAN® Champion Jointing Pvt. Ltd.
Sealflex™ Jointing Sheet
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# અંકલેશ્વર એસ્ટેટમાં વરસાદી કાંસોની સફાઈ માટે ૨૦ લાખનો ખર્ચ કરવામાં આવશે

ચોમાસાની ઋતુ નજીક આવતા જ અંકલેશ્વર નોટિફાઈડ એરિયા ઓથોરીટી તરફથી સંભવિત જળ નિરાકરણની સ્થિતિને પહોંચી વળવા માટે ચોમાસા પહેલાની સંભાળ (પ્રિ-મોન્સૂન) કામગીરીનો યુદ્ધના ધોરણે પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. જીઆઈડીસી વિસ્તારમાં ચોમાસા દરમિયાન વરસાદી પાણી ભરાઈ રહેવાની સમસ્યા ન સર્જાય અને પાણીનો ઝડપથી નિકાલ થાય તે માટે આગોતરા પગલાં લેવામાં આવી રહ્યા છે.

આંતરિક ગટરથી લઈને આમલાખાડી સુધી સફાઈ કરવામાં આવશે. નોટિફાઈડ ઓથોરિટી તરફથી આ વર્ષે પ્રિ-મોન્સૂન એક્શન પ્લાન ને વધુ અસરકારક બનાવવા માટે સમગ્ર કામગીરી ને બે મુખ્ય વિભાગોમાં વહેંચી દેવામાં આવી છે. જેમાં આંતરિક સફાઈ કરવામાં આવશે. જેમાં વિવિધ વસાહતોની આંતરિક ગટર લાઈન તેમજ ચેમ્બરની મેન્યુઅલ સફાઈ કરવામાં આવી રહી છે. બીજા ભાગમાં મુખ્ય કાંસની સફાઈ કરવામાં આવશે.




અંકલેશ્વરમાંથી પસાર થતી વરસાદી પાણીના નિકાલની મુખ્ય કાંસો તેમજ ઉદ્યોગોના કારણે સંવેદનશીલ ગણાતા આમલાખાડી વિસ્તારની મુખ્ય કાંસની સફાઈ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું છે.અંદાજે ૨૦ લાખના ખર્ચે આ સમગ્ર પ્રિ-મોન્સૂન કામગીરી હાથ ધરવામાં આવી છે. હાલમાં વરસાદી કાંસની સાફ-સફાઈની સાથે-સાથે ક્યાંય મોટો અવરોધ કે ભંગાણ ન હોય તે ચકાસવા માટે નો ખાસ સર્વે પણ શરૂ કરી દેવામાં આવ્યો છે.

## અંકલેશ્વર તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે વિવેક ભરડીવાલાએ ચાર્જ સંભાળ્યો:અઢી વર્ષની ટર્મમાં અઢી લાખ વૃક્ષ વાવવાનો સંકલ્પ લીધો, ઉપપ્રમુખ યોગિતાબેન દેવધરાએ પણ પદભાર ગ્રહણ કર્યો

અંકલેશ્વર તાલુકા પંચાયતના નવનિયુક્ત પ્રમુખ વિવેક ભરડીવાલા અને ઉપપ્રમુખ યોગિતાબેન દેવધરાએ પૂજા અર્ચના સાથે વિધિવત રીતે પદભાર સંભાળ્યો હતો. આ પ્રસંગે રાજ્યના જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

તાલુકા પંચાયતમાં ભાજપે ફરી સત્તા હાંસલ કર્યા બાદ, ભાજપ મોવડી મંડળ દ્વારા અઢી વર્ષની ટર્મ માટે યુવા અને કોમ્પ્યુટર એન્જીનીયર વિવેક ભરડીવાલાની પ્રમુખ તરીકે અને યોગિતાબેન દેવધરાની ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી.

આજરોજ મંત્રી ઈશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં પ્રમુખ વિવેક ભરડીવાલાએ પૂજા અર્ચના સાથે ચાર્જ સંભાળ્યો. ઉપપ્રમુખ યોગિતાબેન દેવધરાએ પણ પદભાર ગ્રહણ કરી તાલુકાના વિકાસને આગળ ધપાવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. પ્રમુખ વિવેક ભરડીવાલાએ તેમની અઢી વર્ષની ટર્મમાં અઢી લાખ વૃક્ષોના વાવેતરનો સંકલ્પ લીધો હતો.



આ પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્ય અરવિંદ પટેલ સહિતના સભ્યો, ભાજપના કોષાધ્યક્ષ જગદીશ શાહ, તાલુકા ભાજપના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહી તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

# અંકલેશ્વર એસ્ટેટમાં સરાદરપાર્ક ખાતે નવી લગાવેલ ડિજિટલ એડવર્ડટાઇઝ હોર્ડિંગનો શુભારંભ કરાયો

અંકલેશ્વર એસ્ટેટના રહેણાંક વિસ્તારમાં સરદાર પાર્ક ખાતે નવી લગાવેલ ડિજિટલ એડવર્ડટાઈઝ હોર્ડિંગ નો શુભારંભ કરવામાં આવ્યો. આ અગાઉ ગોલ્ડન પોઈન્ટ પર ડિજિટલ એડવર્ડટાઈઝ હોર્ડિંગ લગાવી તેને કાર્યરત કરવામાં આવી હતી.

સરદાર પાર્ક ખાતે લગાવેલ ડિજિટલ એડવર્ડટાઈઝ હોર્ડિંગ નો શુભારંભ લઘુ ઉદ્યોગ ભારતીના પૂર્વ રાષ્ટીય અધ્યક્ષ બળદેવભાઈ પ્રજાપતિના હસ્તે કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે અંકલેશ્વર નોટીફાઈડ બોર્ડના ચેરમેન પ્રબોધ પટેલ, અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ વિમલ જેઠવા, ડિજિટલ કમિટીના ચેરમેન યોગેશ કક્કડ, ચંદુ અકબરી, ડેનિશ ભૂત, ભાર્ગવ પરમાર અને એઆઈએ મેનેજીંગ કમિટીના સભ્યો અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. LED SEREEN નો આ પ્રયોગ કેટલો સફળ થાય છે તે આવનાર સમય જ બતાવશે. મળતી માહિતી મુજબ આગામી દિવસોમાં સરદાર પાર્ક ખાતે ટ્રાફિક સિગ્નલ લગાવવામાં આવશે.

# ચોરવાડનાં ખેત મજુરની દીકરી કાજલ વાજાએ એશિયન અંડર-૨૦ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં રજત ચંદ્રક જીત્યો




ગુજરાતની ઉભરતી સ્પ્રિન્ટર કાજલ વાજાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે દૃઢ નિશ્ચય, શિસ્ત અને અથાક મહેનતથી સામાન્ય પરિવારમાંથી આવતી પ્રતિભાઓ પણ આંતરરાષ્ટ્રીય મંચ પર સફળતા હાંસલ કરી શકે છે. જૂનાગઢ જિલ્લાના ચોરવાડ ગામની ૧૯ વર્ષીય કાજલે રવિવારે હોંગકોંગમાં યોજાયેલી ૨૨મી એશિયન અંડર-૨૦ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં મહિલાઓની ૪x૧૦૦ મીટર રિલે સ્પર્ધામાં ભારતને રજત ચંદ્રક અપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

તમિલનાડુની ભાવના, હરિયાણાની આરતી અને ઉત્તર પ્રદેશની નિપમ સાથે ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કરતાં કાજલે ટીમને ૪૫.૦૫ સેકન્ડનો સમય નોંધાવવામાં મદદ કરી હતી. આ પ્રદર્શન સાથે ભારતીય ટીમે રજત ચંદ્રક જીત્યો હતો અને અંડર-૨૦ વર્ગમાં નવો રાષ્ટ્રીય રેકોર્ડ પણ સ્થાપ્યો હતો. ભારતીય ટીમે અગાઉનો ૪૫.૦૮ સેકન્ડનો રાષ્ટ્રીય રેકોર્ડ તોડીને પોતાની ઝડપ, ટીમવર્ક અને બેટન એક્સચેન્જની શ્રેષ્ઠતા દર્શાવી હતી.

કાજલની સિદ્ધિ તેની સામાન્ય આર્થિક પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લેતાં વધુ પ્રેરણાદાયી બની જાય છે. તેના પિતા હીરાભાઈ વાજા જૂનાગઢ જિલ્લાના દરિયાકાંઠાના ચોરવાડ ગામનાં સામાન્ય ખેડૂત છે અને ખેત મજૂરી કરે છે. આર્થિક પડકારો વચ્ચે પણ કાજલે પોતાની રમતગમત કારકિર્દી પર અડગ ધ્યાન કેન્દ્રિત રાખ્યું અને પોતાના સપનાઓ સાકાર કરવા માટે અનેક ત્યાગ કર્યા.

ટ્રેક પર શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે કાજલે ધોરણ-૧૨માં એક વર્ષ ડ્રોપ લઈને તાલીમ અને સ્પર્ધાની તૈયારી પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેની આ નિષ્ઠા અને મહેનતનું ફળ તેને હવે આંતરરાષ્ટ્રીય મંચ પર મળ્યું છે.

કાજલનાં પરિવાર સાથે સંબધ ધરાવતા મંથન ડાભીએ જણાવે છે કે, “કાજલને શાળામાં ભણતી ત્યારથી રમતગમત પ્રત્યે વિશેષ લગાવ હતો અને તે સતત વિવિધ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરતી આવી છે.”

કાજલ વાજાનાં કોચ શિવમ ઉપાધ્યાય કાજલની સફળતાનું શ્રેય તેની અવિરત મહેનત અને શ્રેષ્ઠતા હાંસલ કરવાની તીવ્ર ઈચ્છાને આપે છે.

તેમણે જણાવ્યું કે, “કાજલ દેશની સૌથી આશાસ્પદ યુવા સ્પ્રિન્ટર્સમાંની એક છે. તેણે ગુજરાતનું ગૌરવ વધારતાં ૧૦૦ મીટર, ૨૦૦ મીટર અને રિલે સ્પર્ધાઓમાં અનેક ચંદ્રકો જીત્યા છે. તેની શિસ્ત, આત્મવિશ્વાસ અને સ્પર્ધાત્મક માનસિકતા તેને અન્ય ખેલાડીઓથી અલગ બનાવે છે. તે દરેક તાલીમ સત્રમાં સંપૂર્ણ સમર્પણ સાથે ભાગ લે છે અને સતત પોતાના પ્રદર્શનમાં સુધારો કરવા પ્રયત્નશીલ રહે છે.”

હોંગકોંગમાં જીતેલો રજત ચંદ્રક કાજલની સિદ્ધિઓની યાદીમાં વધુ એક મહત્વપૂર્ણ ઉમેરો છે. આ અગાઉ તેણે ૨૦૨૫માં રાંચીમાં યોજાયેલી દક્ષિણ એશિયન સિનિયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ૪x૧૦૦ મીટર રિલેમાં પણ રજત ચંદ્રક જીત્યો હતો. ઉપરાંત, ૬૦ મીટર સ્પર્ધામાં અંડર-૨૦ વર્ગનો રાષ્ટ્રીય રેકોર્ડ પણ તેના નામે છે.

આ વર્ષના માર્ચ મહિનામાં ભુવનેશ્વરમાં યોજાયેલી પ્રથમ ઈન્ડોર ઓપન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં કાજલે ૬૦ મીટર દોડમાં ૭.૫૦ સેકન્ડનો સમય નોંધાવીને સુવર્ણ ચંદ્રક જીત્યો હતો અને નવો રાષ્ટ્રીય રેકોર્ડ પણ સ્થાપ્યો હતો. આ સિદ્ધિએ તેને ભારતની સૌથી પ્રતિભાશાળી યુવા સ્પ્રિન્ટર્સમાં સ્થાન અપાવ્યું છે.

### શાળાથી સ્પોર્ટ્સની સફર

કાજલની રમતગમતની સફર ગુજરાત રાજયના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત (SAG)ના સ્કૂલ પ્રોગ્રામથી શરૂ થઈ હતી. ત્યારબાદ ૨૦૧૯માં તે કોડીનાર સ્થિત જિલ્લા કક્ષાની સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS)માં જોડાઈ, જ્યાં તેની પ્રતિભાને વ્યવસ્થિત રીતે ઘડવામાં આવી. તેની ક્ષમતાને ઓળખીને ૨૦૨૩માં તેની પસંદગી નડિયાદ સ્થિત હાઈ-પરફોર્મન્સ સેન્ટર (HPC) માટે કરવામાં આવી હતી, જયાં તે હાલમાં અદ્યતન તાલીમ અને માર્ગદર્શન મેળવી રહી છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કાજલ અને ભારતીય રિલે ટીમને તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા. સંઘવીએ જણાવ્યું કે, “મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર ખેલાડીઓને તેમના વૈશ્વિક સપનાઓ સાકાર કરવા માટે જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડવા પ્રતિબદ્ધ છે. કાજલની સિદ્ધિ ગુજરાત અને સમગ્ર દેશ માટે ગૌરવની ક્ષણ છે.” આ જ ચેમ્પિયનશિપમાં ગુજરાતના અન્ય એક ખેલાડી અને વાપીનાં વતની રાહુલ જાખરે ડેકાથ્લોનમાં નવો રાષ્ટ્રીય રેકોર્ડ સ્થાપીને સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

MEGA
M.D. PATEL +91 98241 01133
Mfg. Of: cGMP Centrifuges
1. Top Discharge Centrifuge
2. Beg Lifting Centrifuge
3. Bottom Discharge Centrifuge
MEGA MACHINERY
Plot No: A1-5301, Nr. J.P. Industries, Mega Chowkadi, GIDC, Ankleshwar - 393 002
E-mail: sales@megamachineryindia.com | www.megamachineryindia.com

PERFECT SCALE SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

GREENLEAF ENVIROTECH LTD.
93275 65428 | 98751 08709 sales@greenleafenvirotech.in www.greenleafenvirotech.in
Our Environmental Laboratory Accreditation & Recognized by
NABL (ISO: 17025), MoEF & CC (EPA 1986) & GPCB SCH-II Environmental Auditors
WHY US?
ESG • SUSTAINABILITY • CLIMATE ACTION SOLUTIONS
- ESG Reporting
- Carbon, Water & Green Credit Advisory
- GHG Accounting & Carbon Footprint Studies
- Sustainability & BRSR Reporting
- Environmental Product Declarations (EPD)
- Environmental Consulting & Due diligence
- Energy & Water Audits
OUR CLIENT
Other Services: Environmental Consulting & Monitoring | Turnkey Wastewater Treatment Solutions | Fire Safety Systems

YATHARTH REFRACTORY LINING WORKS
ALL TYPE OF REFRACTORY WORK & ACID PROOF BRICK/ TILE LINING CONTRACTOR AND SUPPLIER
Supplier: Refractory Fire Bricks/ Blocks/ Tiles, Castable, Mortar, Acid Proof Mortar & Ceramic Blanket Module
Service Provider: Refractory Work, Acid Proof Brick/Tiles Lining Work, Castable work, Insulation Brick Lining, Mastic Work Boiler Refractory Work
Address: Shop No: 22, Dharmnandan Building, Rajpipla Road, Near Santinagar 2, Ankleshwar-393001, Dist: Bharuch (Gujarat).
THERMAX (Vender)
Mr. Sunil Chauhan +91 89057 88945 +91 99259 77497
yatharthrlw@gmail.com | www.yatharthrlw.com

માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002